Australian Government

Department of Health

**ટીજીએ ઓસ્ટ્રેલિયાના લોકોને COVID-19ની રસી મુકાવવા માટે હિંમત આપી રહ્યું છે**

કોરોનાવાયરસ મહામારી સામે લડવામાં COVID-19ની રસી મુખ્ય ભૂમિકા ભજવશે.

ઓસ્ટ્રેલિયાનું થેરાપ્યુટીક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ) ઓસ્ટ્રેલિયામાં COVID-19ની રસીના મુલ્યાંકન અને તેના ઉપયોગ માટે મંજૂરી આપવા માટે જવાબદાર છે. ટીજીએ સંભવિત રસીના તમામ લાભ અને જોખમોને ધ્યાનમાં લે છે. રસીઓની સલામતી અને અસરકારકતા નક્કી કરવા માટે ટીજીએની પ્રક્રિયાઓ ચોક્સાઇપૂર્વકની, વ્યાપક અને સ્વતંત્ર છે.

પરંતુ ટીજીએ એકલું કામ નથી કરતું. ટીજીએ વિશ્વભરમાં તેના નિયમનકારી સમકક્ષો સાથે નજીકથી કામ કરે છે. તેમની જાણકારી વહેંચાયેલી રહે કે જેથી બધાને લાભ થઇ શકે તે સુનિશ્ચિત કરવા, તેઓ દરરોજ માહિતીની આપલે કરે છે.

રસીને મંજૂરી આપવી કે નહિં તે નક્કી કરવા માટે, ટીજીએ ઉપલબ્ધ તમામ વૈજ્ઞાનિક અને તબીબી માહિતીનું મૂલ્યાંકન કરે છે. આ માહિતી રસીના વિકાસકર્તા અને અન્ય ઉપલબ્ધ પૂરાવાઓમાંથી આવે છે.

અમે રસીને ઉપયોગ માટે તો જ મંજૂરી આપીશું જો તે, તબીબી પરિક્ષણો દરમ્યાન અને પછી પણ સલામત અને અસરકારક હશે. રસીના વિકાસકર્તા દર્શાવી શકે કે, રસી ઉચ્ચ ગુણવત્તાની, સુસંગત અને નિયંત્રિત રીતે ઉત્પન્ન કરી શકાય છે તે નિર્ણાયક છે.

જો ટીજીએ કોઇ રસીને મંજૂરી આપે, તો તમે વિશ્વાસ કરી શકો છો કે તે COVID-19 સામે કામ કરશે. વાયરસ દ્વારા ગંભીર રીતે બિમાર થઇ શકે અથવા મૃત્યુ પામે તેવા લોકોની સંખ્યામાં આ રસી ઘટાડો કરશે.

મંજૂરી બાદ પણ અમારી ભૂમિકા ચાલુ રહે છે. અમે રસીની સલામતીનું બારિકાઇથી અવલોકન કરતાં રહીશું અને ઓસ્ટ્રેલિયામાં દરેક જથ્થાની ગુણવત્તાની આકારણી કરવાનું ચાલું રાખીશું.

અમારી સર્વોચ્ચ અગ્રતા તરીકે, ટીજીએ COVID-19ની રસીઓની સંપૂર્ણ સમીક્ષા કરી રહ્યું છે - પરંતુ સામાન્ય કરતાં ટૂંકા સમયગાળામાં.

ઓસ્ટ્રેલિયામાં લેવામાં આવેલ અભિગમ, લોકોને રસીઓ પર વધારે વિશ્વાસ બેસે તે સુનિશ્ચિત કરશે. આનાથી શ્રેષ્ઠ સંભવિત જાહેર આરોગ્ય પરિણામ પ્રાપ્ત થશે.

અમારા ધોરણો સાથે કોઇ સમાધાન કર્યા વિના અમે રસીઓની મૂલ્યાંકન પ્રક્રિયાને ઝડપી કેવી રીતે કરી છે? ટીજીએ વિકાસકર્તાઓ પાસેથી નિયમિતપણે તારણો સ્વિકારી રહ્યું છે. કોઇપણ પ્રશ્નોના ઝડપી જવાબો મેળવવા માટે અમે તેમની સાથે કામ કર્યું છે.

અમારી પાસે રજુઆત થયેલ રસીના જુદા જુદા ભાગોનું મૂલ્યાંકન કરતી વિવિધ ટુકડીઓ છે. રસી નિયમન સમિક્ષાઓ અને સલામતી પર કામ કરતા લોકોની સંખ્યામાં પણ અમે વધારો કર્યો છે. અમારી નિષ્ણાતોની સમર્પિત ટુકડીઓએ તહેવારોના સમયગાળા દરમ્યાન પણ કામ કર્યું હતું.

તમે સાંભળ્યું હશે કે ટીજીએ, રસીનું મુલ્યાંકન કરતી વખતે તારણો અને માહિતીના હજારો પાના ધ્યાનમાં લે છે. અમે ખરેખર શું જોઇ રહ્યા છીએ?

પ્રયોગશાળાના પર્યાવરણમાં રસીની અસરકારક્તા સહિત અમે બધું જ જોઇએ છીએ. અમે ઉત્પાદન પ્રક્રિયાઓ પર નજર કરીએ છીએ. અમે ઉત્પાદનની નાની શીશીઓ કે જે તબીબોના દવાખાના અને અસ્પતાલોમાં જાય છે તેના પર, તેમજ તબીબી પરિક્ષણોના તારણો અને સલામતીની વિગતવાર માહિતીઓ પર નજર કરીએ છીએ.

ઓસ્ટ્રેલિયાની સરકાર, ઓસ્ટ્રેલિયાના ઉચ્ચ અગ્રતા જૂથોનું, ફેબ્રુઆરીના મધ્યથી અંત ભાગ સુધીમાં રસીકરણ શરૂ કરવાની અપેક્ષા કરી રહી છે.

ટીજીએ ખાતે અમારું કામ, ઓસ્ટ્રેલિયાના લોકોને આ રસીઓ સલામત, અસરકારક અને અમારા કડક ધોરણોને મળતી આવતી હોવાની ખાતરી આપવાનું છે.

સંલગ્ન **અધ્યાપક** જહોન સ્કેરીટ દ્વારા કે જે થેરાપ્યુટિક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશનના વડા છે.